દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

**Gandhinagar**

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૨ ● અંક : ૪ ● તા. ૧૫-૦૨-૧૦ ● પાના : ૮+૪ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : 'સુકૃતિ', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) ● મો. 98244 59694

# શ્રી એકલિંગજી પ્રાકટ્ય

(ગતાંકથી ચાલુ)

આ એ જ નંદિની ગાય હતી. શિવજીને પોતાની ભક્તિથી પ્રસન્ન કરીને પોતાની માતા કામધેનુને બંધનમાંથી મુક્ત કરવા ઈચ્છતી હતી. બાપ્પા રાવળ આમ તો એક મૂક પ્રાણીની ખૂબ જ ઉત્કૃષ્ટ ભક્તિ જોઈને આનંદવિભોર થઈ ઊભા રહ્યાં. ગાયની આવી ભક્તિભાવના જોઈ ગાયને વારંવાર પ્રણામ કર્યાં.

આ વાંસકુંજમાં આવું દૃશ્ય જોનાર બાપ્પા સિવાય બીજી પણ એક વ્યક્તિ હતી. તેમનું નામ તપસ્વિ મુનિ હારિત હતું. મુનિરાજ હારિત મહાન યોગી હતાં. તેઓ ભગવાન શ્રી એકલિંગજીના પરમ ઉપાસક હતા. મહર્ષિ હારિતે જ્યારે બાપ્પા રાવળને જોયા ત્યારે તેઓ તેમના પ્રત્યે આકર્ષાયા. એ બાળકને જોઈને ખાતરી થઈ કે આ બાળક કોઈ રાજવંશી બાળક છે. બાપ્પા રાવળે પોતાનો ટૂંકો પરિચય આપ્યો. ગાયને ચરાવતાં તેમને ભગવાનસમા આ મહર્ષિના દર્શન થયા તેથી પોતાની જાતને ભાગ્યશાળી માનીને તેમણે મહાન ઋષિરાજ હારિતના ચરણોમાં



વંદન કર્યાં. બાપ્પા રાવળ ત્યાર પછી મહર્ષિ હારિતની સાથે તેમના આશ્રમમાં ગયા. આશ્રમમાં ઋષિએ પૂજા પૂર્ણ કરી. બાપ્પાને ઋષિજીના હાથે ગુરૂપ્રસાદ મળ્યો. ગુરૂપ્રસાદમાં તેમણે એક વિજય ખડ્ગ હતું તે બાપ્પાને આપ્યું અને તે વાપરવાની કળા શીખવી. 'શ્રી એકલિંગજી એ જ હવેથી તારા ઉપાસ્ય દેવ છે,' એમ કહી શ્રી એકલિંગજીની અત્યંત શ્રેયસ્કર ઉપાસનાનો માર્ગ બતાવી ઋષિજીએ બાપ્પાને એકલિંગજીનો ઈતિહાસ કહ્યો: 'વત્સ, આ એકલિંગજી મહાદેવની કોણે અને શી રીતે સ્થાપના કરી તેનો ઈતિહાસ એક દિવસે પુષ્પદંત નામના ગંધર્વે શિવજીને પૂછ્યો હતો. તે વખતે શ્રી શિવજીએ સ્વમુખે કહેલો તે તને સંભળાવું છું તે ધ્યાનપૂર્વક સાંભળ.'

'એક સમયે લંકા નગરીના રાજા રાવણે બ્રહ્મલોકમાં જઈ એવી યાચના કરી કે મને શિવજીનું એક એવું બાણ આપો કે જેનું પૂજન કર્યાથી દ્વાદશ જ્યોતિર્લિંગનું પૂજન કર્યાનું ફળ મળે. બ્રહ્માજીએ રાવણની સ્તુતિથી પ્રસન્ન થઈને તેને શિવજીનું એક બાણ આપી વરદાન આપ્યું કે આ બાણ, તારે જ્યાં સ્થાપના કરવાનું હોય તે સ્થળ સિવાય અન્ય સ્થળે મૂકવું નહીં. જો કદાપિ મૂકીશ તો તે જ સ્થળે સ્થાપિત થશે.'

'રાજા રાવણે બ્રહ્માજી પાસેથી પેલું શિવલિંગ લઈ લંકા તરફનો રસ્તો પકડ્યો. રસ્તામાં આવતા મેવાડભૂમિમાં ત્રિકુટ પર્વત આગળ આવતાં તેને લઘુશંકા કરવાની એટલી બધી ત્વરા થઈ કે તેનામાં આગળ મુસાફરી કરવાની શક્તિ રહી નહીં અને બ્રહ્માજીએ આપેલું વરદાન વિસ્મૃત થવાથી શિવલિંગ ત્રિકુટ પર્વત ઉપર મૂકી પોતે થોડે દૂર લઘુશંકા કરવા બેઠો. બ્રહ્માજીના વરદાન મુજબ શિવજીનું આ બાણ ત્રિકુટ પર્વત ઉપર સ્થાપિત થયું.'

'રાવણ લઘુશંકા કર્યા પછી શિવજીનું બાણ લેવા આવ્યો અને તે ઉપાડવા માંડ્યું. પરંતુ તે ઉપડ્યું જ નહીં. જેમ વધુ જોર કરે તેમ શિવલિંગ ભારે થવા માંડ્યું. રાવણ તેથી વિચાર કવરા લાગ્યો કે આનું કારણ શું ? પોતે શાંત ચિત્તે વિચારવા લાગ્યો, ત્યારે તેને બ્રહ્માજીનું વરદાન યાદ આવ્યું. આથી તેણે શિવજીના એ લિંગની તે સ્થળે વિધિવત સ્થાપના કરી. અને વિધિપૂર્વક પૂજન કરીને બોલ્યો : જેવી ઈચ્છાથી હું આપને મારા નગરમાં સ્થાપના કરવા ઈચ્છતો હતો, તેવી જ ઈચ્છા આ ભૂમિમાં વસનાર રાજાઓની અને પ્રજાજનોની પૂર્ણ થાઓ.' અને શિવજીના આ બાણને 'એકલિંગજી મહાદેવ' એવું નામ આપીને પોતે લંકા તરફ ગયો.

'હે શિવજી ! આ શ્રી એકલિંગજીનું બાણ રાવણ શા હેતુથી લઈ જતો હતો અને તેની ઈચ્છા કેવા પ્રકારની હતી, તે કૃપા કરીને આપ મને સમજાવો.' પુષ્પદંતે શિવજીને

(અનુ. પાન ૨ પર)

## તંત્રી સ્થાનેથી....

### 'અમે ...' અને તમે

ભટ્ટ મેવાડા વર્તમાનમાં પ્રસિદ્ધ થયેલી લેખમાળા 'અમે ભટ્ટ મેવાડા....' જ્ઞાતિજનોને ખૂબ જ પસંદ પડી. ઘણા બધા જ્ઞાતિજનોએ ફોન દ્વારા રૂબરૂ મુલાકાત વખતે તથા સ્નેહી-સંબંધીઓ દ્વારા આ લેખમાળા વિષે પોતાના સાનુકૂળ અભિપ્રાય આપ્યા હતા. કેટલાક જ્ઞાતિજનોને લેખમાળાનું શિર્ષક 'અમે ભટ્ટ મેવાડા' ખૂબ જ પસંદ પડ્યું છે. લેખમાળાના શિર્ષકમાં 'અમે' શબ્દ જ વજનદાર અને મહત્ત્વનો છે. 'અમે' શબ્દમાં એક ઓળખ-પહેચાન સમાયેલી છે. અમે શબ્દમાં એક સંઘભાવના છૂપાયેલી છે. એક સમૂહની ભાવના રહેલી છે. અમે કહેતાં જ એક પ્રકારના ગર્વની લાગણી થાય છે. અમે શબ્દની પાછળ ભવ્ય ભૂતકાળની શાન વર્તાય છે. અમે કહેતાં જ આપણું ગૌરવ અનુભવાય છે. એક અનોખા પ્રકારની ખુમારીનો અહેસાસ થાય છે. આમ, 'અમે ભટ્ટ મેવાડા' શિર્ષક યથાર્થ છે.

જ્યારે જ્ઞાતિ માટે એક સામાયિક શરૂ કરવાની દરખાસ્ત આવી ત્યારે આપણા આ માસિકપત્રનું નામ જ 'અમે ભટ્ટ મેવાડા' રાખવાનું મેં વિચાર્યું હતું. અને ન્યુ દિલ્હી ખાતે રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર્સને જ્યારે ડિકલેરેશન મોકલવાનું થયું ત્યારે પસંદગીના પાંચ નામોમાં 'અને ભટ્ટ મેવાડા' પણ હતું. જો કે રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર્સ દ્વારા 'ભટ્ટ મેવાડા વર્તમાન' ઉપર પસંદગી ઉતારવામાં આવી તે નામ પણ ઉચિત છે.

'અમે ભટ્ટ મેવાડા' શિર્ષકના મૂળમાં અનેક બાબતો સંકળાયેલી છે. એનડીટીવી ચેનલ ઉપર બરખા દત્ત નામની પત્રકાર એક રિઆલીટી શો પ્રસ્તુત કરતી, જેમાં જનતા અને જનતાના પ્રતિનિધિઓ વચ્ચે સળગતી સમસ્યાઓને લઈને સંવાદ થતો. ઉગ્ર ચર્ચાઓ થતી અને જનતા જનાર્દન રાજકારણીઓ, મંત્રીઓ, સંસદસભ્યો અને સમાજના અગ્રણીઓને જવાબ આપતાં રીતસરનો પરસેવો પડાવી દેતી. આ કાર્યક્રમનું નામ હતું. **We, People** અમે જનતા જનાર્દન. આ કાર્યક્રમ અને તેનું શિર્ષક બંને ખૂબ જ ગમી ગયેલાં. અને 'અમે ભટ્ટ મેવાડા ' શિર્ષક પાછળ એ પણ પ્રેરણા સ્રોત બની રહેલું.

થોડા વર્ષો અગાઉ ચંદ્રકાંત બક્ષીની એક નવલકથા પ્રસિદ્ધ થઈ હતી - 'હું, કોર્ણાક શાહ' નવલકથા આ 'હું' એટલે કથાના નાયક કોર્ણાક શાહની આસપાસ ગૂંથાયેલી હતી. એક ખુમારી ધરાવતા બહુલક્ષી વ્યક્તિત્વ ધરાવતા નાયકની વાર્તા ખૂબ જ ગમી ગયેલી. આ નવલકથાનો 'હું' એ આપણા શિર્ષકના 'અમે'.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'वयम् राष्ट्रःपुरोहिताः' અમે જ રાષ્ટ્રના પુરોહિતો છીએ. અમે જ રાષ્ટ્રના જાગૃત પ્રહરિ છીએ.

અને છેલ્લે. આપણે બાળપણમાં જીવરામ જોષીની વાર્તાઓ હોંશે હોંશે વાચતા. એ વાર્તાઓણાં એકપાત્ર ખૂબ જ લોકપ્રિય હતું - મિયાંફૂસકીનું. આ મિયાં ફૂસકી પણ જ્યારે જ્યારે તાનમાં આવી જતાં ત્યારે કહેતાં, 'અમે કોણ ! સિપાઈ બચ્ચા.' મિયાં ફૂસકી જેવા એક સિપાઈના પુત્ર પોતાની જાત માટે આટલું અભિમાન ધરાવતા હોય તો આપણે તો ભવ્ય ઈતિહાસ ધરાવનાર શા માટે પાછળ રહીએ ?

આ We, People ના "We"કહો કે હું કોર્ણાક શાહનો "હું" અન રાષ્ટ્રના જાગૃત પ્રહારે એટલે જ "અમે ભટ્ટ મેવાડા".

## ભાગ્યપ્રમાણે ધનપ્રાપ્તિ

यद्धात्रा निजभालपट्टलिखितं स्तोकं महद्वा धनं
तत्प्राप्नोति मरुस्थले नितरां मेरौ च नाताधिकम् ।
तद्धीरो भव वित्तवस्तु कृपणां वृत्तिं वृथा मा कृथाः
कूपे पश्य पयोनिधावपि घटो गृहणाति तुल्यंजलं ।।९।।

ભાગ્યે થોડુંક કે વધારે જે ધન પોતાના કપાળે લખ્યું હોય તેટલું જ માણસ રણપ્રદેશમાં પણ સરળતાથી મેળવી શકે છે, તેનાથી વધારે સોનાના પર્વત ઉપર પણ મેળવી શકતો નથી. માટે ધૈર્ય ધરો. ધનવાનો સમક્ષ દીનવૃત્તિ બતાવશો નહીં. જુઓ ! ઘડો કૂવામાંથી કે સાગરમાંથી પણ એકસમાન જ જળ મેળવે છે.

— પ્રો. ડૉ. જગદીશભાઈ એસ. જોશી, હિંમતનગર

**પ્રભુ,**

**આજે સવારે આપે મને અભયદાન આપ્યું છે કે આપ, આપનું કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી અમારી સાથે જ રહેશો. અને તે દોરતી તથા પ્રકાશ આપતી એક ચેતન રૂપે જ અમારી વચ્ચે કાર્ય કરતા રહેશો. આપે સ્પષ્ટ અને ચોક્કસ શબ્દોમાં મને વચન આપ્યું છે કે આપનું સારૂંય સ્વરૂપ અહીં રહેશે. અને જ્યાં સુધી આ પૃથ્વીનું રૂપાંતર સિદ્ધ નહીં થાય ત્યાં સુધી તે પૃથ્વીના વાતાવરણને છોડશે નહિ. એટલે આ છે અમારી પ્રાર્થના કે, અમે સૌ આ જગતમાંના આપના અદ્‌ભૂત સાનિધ્ય માટે સુયોગ્ય બનીએ, અને હવેથી અમારી અંદરનું એકે એક તત્ત્વ માત્ર એક જ સંકલ્પ ઉપર એકાગ્ર બનો કે આપના ભવ્ય કાર્યને સિદ્ધ કરવા માટે અમે અમારૂં વધુને વધુ સંપૂર્ણ સમર્પણ કરતા રહીએ.**

**- શ્રી માતાજી**

**શ્રી એકલિંગજી...** (પાન ૧નું શેષ) પૂછ્યું. શિવજીએ પુષ્પદંતના પ્રશ્નનો ખુલાસો કરતાં કહ્યું કે, 'આ એકલિંગજીની હંમેશા પૂજા કરવાથી દ્વાદશ જ્યોતિર્લિંગના પૂજનનું તેમજ પંચદેવ પૂજન કર્યાનું ફળ મળે તેવી રાવણની ઈચ્છા હતા. તે ફળથી પ્રજા અટકી, શિવધર્મી, પરાક્રમી, શૂરી, સ્વધર્માભિમાની, નીતિમાનમ અને ધર્મપરાયણ થાય. આ ફળ મેવાડના વસનારા રાજાઓને તથા પ્રજાજનોને મળશે. ૠષિજીએ આગળ કહ્યું :'

'વત્સ આ શ્રી એકલિંગજી મહારાજની ઉત્પત્તિ મેં તને કહી સંભળાવી. શ્રી એકલિંગજીનું બાણ પંચમુખી છે. તેનું કારણ પણ તને કહું છું. એકલિંગજી મહાદેવનું બાણ પ્રણવ સ્વરૂપ એટલે કે ૐકાર રૂપ છે. જેમ પ્રણવમાં ચાર વેદોના મહાકાવ્યો તથા પંચદેવ છે તેમજ શ્રી એકલિંગજીનું બાણ પંચમુખી છે અને ૐ ઉપજ છે. પ્રણવનો જાપ કરવો તથા મૂર્તિ કરી તેનું પૂજન કરવું તે શ્રી એકલિંગજીનો જાપ કરવો અને પંચમુખી બાણનું પૂજન કરવું તે એક જ છે, અને તેથી જ રાવણે બ્રહ્માજી પાસે શિવજીના બાણની યાચના કરી હતી. (ક્રમશઃ)'

# કેળવણીના પ્રખર હિમાયતી સ્વ. ચીમનલાલ માધવરામ ભટ્ટ

પોતે ફક્ત ગુજરાતી છ ચોપડી જેટલું જ ભણતર પ્રાપ્ત કરી શકનાર એક સદ્‌ગૃહસ્થે પોતે અનુભવ્યું હતું કે જ્ઞાતિના બાળકોને કેળવણી લેવામાં કેટલી મુસીબત પડે છે. જ્ઞાતિના બાળકો ભણી-ગણીને આવે, ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરીને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવા શુભ આશયથી તેમણે જ્ઞાતિના સેવાક્ષેત્રમાં ઝંપલાવ્યું. જ્ઞાતિજનોના કાર્યો કરતાં કરતાં એક દિવસ તેમણે મુંબઈ સ્થિત શ્રી ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિતવર્ધક મંડળનું મહામંત્રી પદ આજીવન શોભાવ્યું. એટલું જ નહીં, મંડળના ઉપક્રમે મુંબઈ મુકામે યોજાયેલા અખિલ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનાં ચતુર્થ સંમેલનનું અધ્યપક્ષ પદ શોભાવ્યું. આ સેવાભાવી સદ્‌ગૃહસ્થ એટલે **સ્વ. ચીમનલાલ માધવરામ ભટ્ટ - ઈલોલવાળા.**

ચીમનલાલ ભાઈનો જન્મ ઇ.સ. ૧૯૦૫માં હિંમતનગર પાસેના ઈલોલ ગામના અગ્રણી શ્રીવલ્લભરામ ખુશાલદાસના કુટુંબમાં શ્રી માધવરામ વલ્લભરામ ભટ્ટને ત્યાં થયો હતો. એ વખતે ભાગ્યે જ કોઈને ખબર હશે કે એક ગામડામાં જન્મેલ આ બાળક ચાર દાયકા પછી ઉચ્ચ કક્ષાએ પહોંચશે.

ગામડામાં કેળવણીનું પ્રમાણ એ સમયે નજીવું હતું. એવા સમયે પણ ગુજરાતી છ



ચોપડીનું ભણતર પૂરં કરી ૧૯૧૯માં તેઓ નોકરી કરવા મુંબઈ આવ્યા અને રૂા. ૧૦/- ના માસિક પગારથી એક લોખંડવાળાની દુકાને રહ્યાં. તેમની કુશગ્ર બુદ્ધિ, સેવાની ભાવના, કાર્ય કરવાની શક્તિ અને મહેનત કરવાની વૃત્તિને કારણે તેઓ થોડા સમયમાં આગળ વધતાં ગયાં અને ૧૯૩૦ સુધીમાં તો લોખંડના ધંધામાં ભાગીદાર બન્યા. એટલું જ નહીં, બે પેઢીના માલિક પણ બન્યા.

ચીમનભાઈ જ્ઞાતિના મંડળમાં કેવી રીતે જોડાયા એ તેમના જ શબ્દોમાં જોઈએ તો, 'એકાદ છાપામાં આવ્યું કે શ્રી ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિતવર્ધક મંડળના આશ્રયે શ્રી શંકરાચાર્ય જયંતિ ઉજવવામાં આવશે. ખબર વાંચી મને ઘણો જ ઉત્સાહ થયો અને ઉત્સવમાં ગયો. પરંતુ જાહેરાત પ્રમાણે જ્ઞાતિબંધુઓની હાજરી થવી જોઈએ એ પ્રમાણે તો નહોતી. માત્ર ત્રણ કે ચાર જ્ઞાતિબંધુઓ જ હાજર હતાં. છતાં એથી મને નિરાશા ઉત્પન્ન ન થતાં હું મંડળના સભ્ય તરીકે જોડાયો. ત્યારથી આજ સુધી મારાથી જે કંઈ મંડળની અને એ દ્વારા જ્ઞાતિની સેવા કરવાનો લાભ મળ્યો છે તેને મારા જીવનની ધન્ય ઘડી સમજું છું. અને એવી ભાવના સેવું છું કે હે પ્રભુ ! મારામાં એવી શક્તિ અર્પો કે જેથી હું જ્ઞાતિના સારાં કાર્યોમાં જિંદગીની છેલ્લી ઘડી સુધી હરકોઈ રીતે મદદગાર થઈ શકું.'

જ્ઞાતિ સેવા કાર્યોમાં કેળવણીને ઘણું મહત્ત્વનું સ્થાન આપતાં તેમણે જણાવ્યું હતું કે તેમના વ્યાપારી જીવન દરમ્યાન તેમણે અનુભવેલું કે દરેક ક્ષેત્રમાં ઉચ્ચ કેળવણીની જરૂરિયાત છે. અને તેથી જ તેઓ આપણી જ્ઞાતિમાં શિક્ષણનો વધુ પ્રચાર થાય તેના હિમાયતી હતાં.

તેઓ માનતાં કે કોઈપણ કાર્ય એકલા હાથે થતું જ નથી. દરેક જ્ઞાતિબંધુ પોતાની પવિત્ર ફરજ સમજીને જ્ઞાતિની સેવા બજાવે તો એવું કોઈપણ કાર્ય નથી જે ન થઈ શકે.

ઈ.સ. ૧૯૩૦માં તેઓ શ્રી ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિતવર્ધક મંડળમાં જોડાયા અને વર્ષો સુધી મહામંત્રી તરીકે કારભાર સંભાળ્યો. તેમણે ધગશપૂર્વક જ્ઞાતિની સેવા બજાવી તે ધન્યવાદને પાત્ર છે.

અખિલ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિના ચતુર્થ સંમેલન વખતે સ્વાગત પ્રમુખ શ્રી જેઠાલાલ ગણપતરામ જોષીએ પ્રમુખ ચીમનભાઈનો પરિચય કરાવતાં જણાવ્યું હતું કે તેઓ એક આદર્શ, સંસ્કારી અને અડગ કૃત નિશ્ચયી મહાનુભાવ છે. તેઓ જ્ઞાતિને ઘણી સેવાઓ સદ્‌ભાવથી અર્પે છે. તેઓ વાણી વિલાસ કરવાના બદલે વર્તનનું સમર્થન કરનારા હોઈ મિથ્યા આડંબરને માનતા નથી. તેમના આવા કૃતનિશ્ચયી સ્વભાવના કારણે તેઓ બજારોમાં સાહસિક તથા બાહોશ વેપારી તરીકે સન્માનિત સ્થાન ધરાવે છે.

ચીમનભાઈ જ્ઞાતિ અભ્યુદયના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા કારણ કે તેઓ માનતા કે જ્ઞાતિ પ્રત્યે ઉદાસીન કે નિરસ રહેવાથી જ્ઞાતિનો ઉત્કર્ષ શક્ય નથી. જ્ઞાતિના હિતને જ વરેલા એવા ચીમનલાલ તા. ૫-૧૧-૧૯૭૪ના રોજ આ ફાની દુનિયાને છોડીને સદાને માટે ચાલ્યા ગયા. તેમની રાહ પર ચાલીને જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની ખેવના રાખીશું તો સ્વ. ચીમનલાલ માધવરામ ભટ્ટને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પી લેખાશે.

**પરિશ્રમ અને મિતાહાર બંને આ લોકના અશ્વિની કુમારો છે. એમનો અનાદર કરી બીજા વૈદ્યનો સહારો નહીં લઊં.**

**- બાપાલાલ વૈદ્ય**

## વાંચકોના પ્રતિભાવ

- હિંમતનગરથી **શ્રી જીતેન્દ્રભાઈ ભાનુશંકર જોષી** લખે છે કે આપણી જ્ઞાતિનું મુખપત્ર પ્રસિદ્ધ કરવાનું કાર્ય ખૂબ જ પ્રશંસનીય છે. તેમાં હજુ વધુ માહિતીઓ ઉમેરાય અને અને તે એક આદર્શ પથદર્શક બની રહે તેમ તેઓ ઈચ્છે છે.
- અમદાવાદથી **શ્રી રોહિતભાઈ જોષી** લખે છે કે, ભટ્ટ મેવાડા વર્તમાન દ્વારા જ્ઞાતિબંધુઓને એકબીજાની સમીપ લાવવાનું કાર્ય ઉત્તમ છે. ભટ્ટ મેવાડા વર્તમાન ઊંચા શિખરો સર કરે તેવી તેમણે હાર્દિક શુભેચ્છા પાઠવી છે.
- નડિયાદથી **શ્રી ચંદ્રકાંતભાઈ ત્રિવેદી** લખે છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન' પ્રકાશન દ્વારા ભટ્ટ મેવાડા બંધુઓમાં જાગૃતિ આવી છે. ભટ્ટ મેવાડા વર્તમાન પહેલું વર્ષ પૂર્ણ કરીને બીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે તે બદલ તેમણે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને આ સત્‌કાર્યમાં તેઓ સાથે છે.
- અમદાવાદથી **શ્રી શશાંક ભૃગુશાસ્ત્રી** લખે છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં ભટ્ટ મેવાડા જ્ઞાતિ તેમજ શ્રી એકલિંગજી મંદિરના ઈતિહાસ દ્વારા મૂળ સુધી પહોંચતા લેખ અને લગ્નવિષયક જાહેરખબરો દ્વારા જ્ઞાતિજનોને સાંકળવાનો પ્રયાસ સરાહનીય છે.
- હિંમતનગરથી **શ્રી પ્રવિણભાઈ પી. પંડ્યા** લખે છે કે જ્ઞાતિનું મુખપત્ર 'ભટ્ટ મેવાડા વર્તમાન' વાંચી આનંદ થયો. મુખપત્રની તાતી જરૂરિયાત હતી. આવું આવકારદાયક કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. સર્વ જ્ઞાતિજનો મુખપત્રને આવકારશે એવી શ્રદ્ધા છે. મારી શુભેચ્છાઓ સદૈવ સાથે.

## ભરૂચ ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



ભરૂચના વતની શ્રીમતી વર્ષાબેન પંડ્યા તથા શ્રી શૈલેષભાઈ પંડ્યાના સુપુત્ર શ્રી ગૌરવ પંડ્યા લંડન યુનિવર્સિટિમાં એમ.બી.એ.માં સારા ટકા માર્કર્સથી ઉત્તીર્ણ થયા છે. તેમણે ભટ્ટ મેવાડા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

## અવસાન નોંધ

- સૂરતના ગં.સ્વ. સુશીલાબેન સુરેન્દ્રરાય પાઠકનું ગત તા. ૨૭-૧-૨૦૧૦ના રોજ અવસાન થયું છે. એકલિંગજી દાદા સ્વ. સુશીલાબેનના આત્માને ચિર: શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**મન મોતી તન કંચન વરણું**
**વહે સ્વાસ્થ્યનું અમૃત ઝરણું**

## સ્તનપાન - અમૃત સમાન

- માતાનું ધાવણ બાળક માટે શ્રેષ્ઠ આહાર છે.
- પ્રસૂતિ પછી માતાને આવતું પ્રથમ ધાવણ પોષક તત્વોથી સભર હોઈ બાળકને તે અવશ્ય આપવું જોઈએ.
- બાળક છ માસનું થાય ત્યાં સુધી તેને માત્ર માતાનું ધાવણ જ આપવું જોઈએ. તેને અન્ય પીણાં - જેમ કે ફળોનો રસ વગેરે આપવાની જરૂર નથી.
- માતાનું ધાવણ પચવામાં સરળ હોઈ બાળકને વધુ અનુકૂળ આવે છે.
- માતાનું ધાવણ જરૂરી રીતે ઉષ્ણ હોઈ તે બાળકને સરળતાથી પચે છે.
- માતાના ધાવણમાં રોગ પ્રતિકારક શક્તિ રહેલી હોઈ બાળકને સામાન્ય ચેપી રોગો સામે રક્ષણ મળી રહે છે.
- માતાનું ધાવણ શુદ્ધ હોઈ બાળકને ચેપ લાગવાનો કોઈ ભય રહેતો નથી.
- સ્તનપાનથી બાળકને પ્રેમ, હૂંફ અને સંતોષ મળે છે.
- સ્તનપાન કરાવવાથી માતાનું ગર્ભાશય ઝડપથી સંકોચાઈને મૂળ સ્થિતિએ આવી જાય છે.
- સ્તનપાન કરાવવાથી માતાને સ્તનના કેન્સરનો ભય નહિવત થઈ જાય છે.
- સ્તનપાન કરાવવાથી બજારમાંથી લાવવા પડતા દૂધના પાવડરનો ખર્ચ બચી જાય છે, જે રકમ બાળકના અન્ય કામ પાછળ ખર્ચી શકાય છે.
- બાળકને વારાફરતી બંને સ્તનથી ધવરાવવું જોઈએ.
- શરૂઆતમાં બંને બાજુ પાંચ પાંચ મિનિટ ધવરાવવું પછી સમય વધારીને ૧૦-૧૫-૨૦ મિનિટ સુધી ધવરાવવું.
- શરૂઆતમાં બાળકને બે-ત્રણ કલાકે ધાવણ આપવું. જો બાળક વહેલું ભૂખ્યું થાય તો વહેલાં પણ આપી શકાય.
- બાળકને છાતીએ લેતાં પહેલાં સ્તનની ડીંટડીઓ સારી રીતે ધોઈ નાખવી.
- બાળકને ધવરાવ્યા પછી તેને ખભે તેડી તેની પીઠ થાબડવી, જેથી તેના પેટમાંથી હવા નીકળી જાય અને બાળક ઉલટી ન કરે.
- માતાને કોઈ મોટી બીમારી હોય તો દાક્તરની સૂચના અનુસાર જ સ્તનપાન કરાવવું.

# તારે જમીં પર...

અભ્યાસ માર્ક્સ માટે નથી, અભ્યાસ સ્પર્ધા માટે પણ નથી, અભ્યાસ માહિતી માટે નથી, અભ્યાસ વ્યક્તિને બદલવા માટે નથી, અભ્યાસ એ નિયંત્રણો લાદવા માટે નથી. સારી શાળા કે સારો અભ્યાસ ક્યારેય વિદ્યાર્થીને મા-બાપની અપેક્ષાઓ પૂર્ણ કરી શકે તેવો બનાવી શકતો નથી, અભ્યાસનો માપદંડ એ બોર્ડની પરીક્ષાના ક્રમાંકોમાં છૂપાયેલો નથી.

અભ્યાસ એ છે જે વ્યક્તિને જીવતા શીખવાડે, અભ્યાસ એ છે કે જે વ્યક્તિને વિપરિત પરિસ્થિતિમાં ટકી રહેતા શીખવી શકે, યોગ્ય અભ્યાસ એ છે કે જે વ્યક્તિના રસ-કૌશલ્ય અને રૂચિને યોગ્ય દિશામાં ખીલવી શકે, યોગ્ય અભ્યાસ વ્યક્તિને હકારાત્મક બનાવી શકે, બીજામાં સારૂં શું છે તે શોધી શકે, સમસ્યાઓના સમાધાનને શોધી શકે, અને સફળ જીવન જીવવાનું પાથેય બની શકે. સારી શાળા અને સારો અભ્યાસ વ્યક્તિને સ્પર્ધાનું મશીન નહીં, રાષ્ટ્રનો સારો નાગરિક અને પરિવારનો યોગ્ય પુત્ર કે પુત્રી પ્રસ્થાપિત કરી શકે.

આપણે સૌ આજે અભ્યાસને સ્પર્ધા અને ટકાનું સાધ્ય સમજી બેઠા છીએ. પરિણામે બાલમંદિરમાં ભણતાં બાળકથી લઈ માસ્ટર્સ કરતાં યુવાનો અભ્યાસ કરતાં મા-બાપની અપેક્ષાઓથી વહેલાં થાકી જાય છે. બાળકનો અભ્યાસ અત્યારે પરિવારની પ્રાથમિકતા છે. અભ્યાસ બાળકના ભવિષ્યની પ્રાથમિકતા છે અને અભ્યાસ જ અત્યારે આધુનિક વિશ્વમાં ટકવા માટે પાથેય છે. પરંતુ આપણે આપણા સંતાનોને તે માટે યોગ્ય માહોલ પુરો પાડીએ છીએ ખરા ? સૌ પ્રથમ તો મા-બાપ બાળકનો શરતીય સ્વીકાર કરે છે, 'તું આમ કરે તો મને ગમે અને તું આવું પરિણામ લાવે તો હું તને આ વસ્તુ અપાવી દઉં.'

મા-બાપ બાળકને પોતાની કલ્પનાના બીબામાં ઢાળવા સક્રિય બની જાય છે. પડોશમાં કે કોઈ સ્વજનના બાળકને આદર્શ માને છે અને પોતાનું બાળક પરીક્ષામાં ઓછા ગુણ લાવે તો હતાશ થઈ જાય છે અને પોતાનું સંતાન જિંદગીમાં કંઈ જ નહીં કરી શકે તેવાં સંતાપમાં દુખી થઈ જાય છે.

તેઓ ભૂલી જાય છે કે માત્ર પરીક્ષાનાં માર્કસ જીવનમાં સફળતા અપાવી શકતા નથી. તેઓએ પણ ભૂલી જાય છે કે, પરીક્ષાની સફળતા એ જ જીવનની સફળતા નથી. પરિણામે પારિવારિક માહોલ વિષાદપૂર્ણ બની જાય છે.

પરીક્ષાનાં માર્કસ થોડીક સારી યાદશક્તિનું પરિણામ છે, તેજસ્વિતાનું નહીં. જીવનમાં ગોખેલા જવાબો કામ આવતા નથી. જીવનના દરેક પડાવ પર નવા પ્રશ્નો હોય છે અને તેના નવા જવાબની જરૂર પડે છે, પરિણામે વર્ગખંડમાં સામાન્ય લાગતા બાળકો વાસ્તવિક જીવનમાં ઘણી વાર ખૂબ સફળ બને છે અને વર્ગખંડના તારલાઓ વાસ્તવિક જીવનમાં ઘણી વાર પાછળ રહી જાય છે.

સારા માર્કસ પણ જરૂરી છે. બાળક સારા માર્કસ લાવી શકે તો પુરસ્કારવા જેવી બાબત છે, પણ આપનું બાળક પ્રથણ ત્રણમાં નથી તો ક્યાંય નથી તે હતાશાને ખંખેરી નાખવાની જરૂર છે.

સંતાનો તમારી અપેક્ષા પૂર્ણ કરનારા મશીન નથી. સંતાનો તમારી સફળતાની વ્યાખ્યામાં ફિટ થઈ શકે તેવા ફ્લેક્સિબલ રમકડાં નથી. સંતાનો તમારી આજ્ઞાની એરણ પર પાર ઉતરનારા સૈનિક નથી. તે છે ઈશ્વરનું અદ્ભૂત સર્જન. એટલે આપણી બાળ ઉછેરની આખી પ્રક્રિયાને જરા જુદા દ્રષ્ટિકોણથી સમજવાની જરૂર છે. તેનામાં કોઈ કલાનું નિરૂપણ કરવાને બદલે તેનામાં ઉત્તમ શું છે તે શોધી કાઢો. બીજાની જોડે સરખાવવાને બદલે તે અદ્વિતિય કેવી રીતે છે સમજવા પ્રયાસ કરો. તેને સાચું જ બોલવાની સલાહ આપવાને બદલે જ્યારે પણ સાચું બોલે ત્યારે બિરદાવતા શીખો.

તેને પૈસા કેમ વાપરવાની સલાહ આપવાને બદલે તમારી કમાણી પસીનાની છે તેનો અહેસાસ થવા દો. બીજાને માન કેમ આપવું તેમ શીખવાને બદલે તેના સ્વમાનનું રક્ષણ કરતા શીખો. તે નબળો અને અશક્તિમાન છે તેમ કહેવાને બદલે તેની પ્રશંસા કરતા શીખો. ઘરના શોકેસમાં ક્રોકરીના બદલે તેની ટ્રોફી અને રંગીન ચિત્રોની જગ્યાએ તેના પ્રમાણપત્રો ભરાવતા શીખો.

સારો સ્ટડી રૂમ ન બનાવો તો વાંધો નહીં પરંતુ ઘરમાં તેને રસ પડે તેવા પુસ્તકો સતત વસાવતા જાઓ. તે જેવો છે તેવો જ તમને સ્વીકાર્ય છે અને બે સંતાનો હોય તો તેમની સરખામણી કરવાનું બિલકુલ ટાળો.

જ્યારે નવરાશનો સમય મળે ત્યારે તેનો ઉધડો લેવાને બદલે તેને લઈને બહાર જાઓ. જયારે ફરવા જાઓ ત્યારે અભ્યાસ અને તેના દોષો પર ટિપ્પણી કરવાને બદલે સ્થળને માણતા શીખવો. 'તારાથી આ નહીં બની શકે' અને ''તું કરી શકે તેમ નથી' તે ભાષાને બદલી અને 'તું કરી શકીશ' તેમ કહી નિષ્ફળતાને પચાવતા અને ભૂલોને સુધારતા શીખવો. દરેક બાબતમાં મદદ કરવાને બદલે તેને જાતે કાર્ય કરવા દો. થોડી તકલીફ પડવા દો. કારણ કે સોનાને પણ શુદ્ધ થવા તપવું જ પડે છે.

આપણે આપણાં સંતાનોને સારી શાળામાં પ્રવેશ આપવી, સારી સુવિધાઓ આપી સારાં કોચિંગની વ્યવસ્થા કરી, તે માગે તે વસ્તુ હાજર કરી આપણે સારા મા-બાપ છીએ તેવો સંતોષ લઈએ છીએ, અથવા આપણી ફરજ પૂરી થઈ. 'હવે તે જાણે અને તેનું નસીબ જાણે' તેવી માન્યતા કેળવી લઈએ છીએ. જ્યારે બાળક અભ્યાસના કોઈપણ ક્ષેત્રે નિષ્ફળ જાય ત્યારે તેનો હાથ પકડનાર કોઈ હોતું નથી. જ્યારે તે સ્પર્ધામાં પાછળ પડે ત્યારે સલાહ આપનાર અને ટિપ્પણી કરનાર સૌ તૈયાર હોય છે પરંતુ નિષ્ફળતાને સફળતામાં કેમ પલટાવવી તેવી હૂંફ આપનાર કોઈ હોતું નથી. ૫૦ ટકા માર્કસ લાવતા બાળકનાં માતા-પિતા આ વાત સમજી લે તેમનું સંતાન ક્રમશઃ ૮૦ ટકાએ પહોંચી જાય છે અને જો ન સમજે તો ૮૦ ટકા લાવતું બાળક પણ ૫૦ ટકાએ પહોંચી જાય છે.

પરિવર્તનનો પવન ફૂંકાયો છે તો આવો આપણે આપણા બાળક સાથે કદમ મિલાવીએ, પરિપક્વ માતા-પિતા બનીએ, તેની મુશ્કેલીઓને સમજીએ, તેનામાં છૂપાયેલા જીનિયસને શોધી કાઢીએ. કોઈપણ વ્યક્તિ અયોગ્ય હોતી નથી ફક્ત તેને પારખવાની દ્રષ્ટિ હોવી જરૂરી છે.

**સૌજન્ય : રંગ અવધૂત પરિવાર**

**રમેશ એમ. જોષી**
૧૩૧૬-એ-૨, સેક્ટર-૭ ડી, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૦૬૩૨ મો. ૯૯૭૮૪ ૦૭૯૨૯
ઈ-મેઈલ : mjoshi51@yahoo.com
અમને અહીં મળો : www.bhattmewada.org

શ્રીમાન,

જય એકલિંગજી, કુશળ હશો.

જત લખવાનું કે ભટ્ટ મેવાડા વર્તમાનના અંક આપને નિયમિત મળતા હશે. વાંચકો તરફથી પણ અમને પ્રોત્સાહક પ્રતિભાવ મળી રહ્યો છે જે બદલ આપ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર. આપ જાણો છો તે મુજબ ભટ્ટ મેવાડા વર્તમાન આપ સૌના સાથ અને સહકારથી તેના બીજા વર્ષમાં પ્રવેશ કરી ધીમી પરંતુ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે અને સમાજોપયોગી વાંચન સામગ્રી સાતત્યતાપૂર્વક આપવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યું છે.

આ તબક્કે આપને એટલી વિનંતી કે આપને ત્યાં યોજાતા શુભ પ્રસંગો કે વ્યક્તિગત સફળતા કે અન્ય સમાજોપયોગી લેખ કે અન્ય સાહિત્ય અમને મોકલાવશો તો અમને આગામી અંકોમાં સ્થાન આપવાનું ગમશે. જો આપ આવા પ્રસંગોને વેબ સાઈટ પર મૂકવા માંગતા હોય તો તેની વીડીયો ક્લીપ - પૂરા વિવરણ સાથે મોકલાવશો જેથી આપણી વેબ સાઈટ પર મૂકી શકાય.

અમારી પાસે ઉપલબ્ધ માહિતીને આધારે ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગર 'એસએમએસ' ગ્રુપની સગવડ ઉપલબ્ધ કરાવવા માગે છે જે અંગે અહીંની એક સ્થાનિક સંસ્થા મે. એસેલ ઈન્ફોટેક દ્વારા આપનો અથવા આપના કુટુંબના સભ્યનો સંપર્ક કરશે. આ સમયે આપને નમ્ર વિનંતી કે જે માહિતી આપની પાસેથી માંગવામાં આવે તે આપી સહકાર આપશો. જો આપને આ અંગે કોઈ સૂચન હોય તો એજન્સી સાથે વિવાદમાં ન પડતા અમારો સંપર્ક કરશો જેથી જો કોઈ ગેરસમજ હોય તો તે દૂર કરી શકાય.

ઉપરોક્ત માહિતી મેળવવાનો હેતુ સમાજોપયોગી માહિતી ઝડપથી પહોંચાડી શકાય તેવો છે. આ યોજના અંતર્ગત શરૂઆતમાં 'જોબ એલર્ટસ'નો છે અને ત્યાર બાદ બીજી વિવિધ સગવડો સામેલ કરીશું.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,
(ર. મ. જોષી)

**"હાય હેલ્લો છોડો, જય એકલિંગજી બોલો"**

# આવો સંકલ્પ કરીએ...
## (સામૂહિક વિકાસ માટે અગીયાર સૂત્રી કાર્યક્રમ)

**- શ્રી બિપીનભાઈ જોષી, ગાંધીનગર**

(૧) દિકરા-દિકરીનો ભેદ મિટાવી તેમને ભણાવી-ગણાવી ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરાવવાનો સંકલ્પ કરીએ.

(૨) જન્મ, મરણ અને લગ્નની નોંધણી અવશ્ય કરાવીએ જ.

(૩) પ્રસંગોપાત રક્તદાન, ચક્ષુદાન, દેહદાન કરીએ અને કરાવીએ.

(૪) વ્યસન મુક્ત બનીએ. પરોપકારની ભાવના રાખી સામાજિક વિકાસ માટે સહભાગી બનીએ.

(૫) બાળકને આપવાના સંસ્કારો જેવા કે ચૌલક્રિયા (બાબરી), યજ્ઞોપવિત પાછળ પ્રમાણસર ખર્ચ કરીએ. સમૂહ જનોઈ જુદી જુદી સંસ્થાઓ આપે છે. તેમાં જ આપવાનો આગ્રહ રાખીએ.

(૬) સમાજના સામૂહિક પ્રસંગોમાં તન, મન, ધનથી સહકાર આપીએ અને ઉપસ્થિત રહીએ.

(૭) સામાજિક કુરિવાજોને તિલાંજલી આપીએ જેવા કે,
   (અ) મરણ પાછળ એક જ વખત દુઃખના સહભાગી થવા જવું વૈદિક વિધિ અનુસાર ધાર્મિક (મરણોત્તર) ક્રિયાઓ કરવી. બીજી પ્રથા સદંતર બંધ કરવી.
   (બ) દિકરા-દિકરીના લગ્ન, યજ્ઞોપવિતમાં ખોટા આંડબર કે આર્થિક પ્રદર્શન ન કરતાં યોગ્ય વહેવાર કરવો અને કરાવીએ.

(૮) આપણો સમાજ બૌદ્ધિક દ્રષ્ટિએ ખૂબ જ ઊંચુ મૂલ્ય ધરાવે છે. આપણને બ્રાહ્મણ હોવાનું ગૌરવ હોવું જરૂરી છે.

(૯) આપણા સમાજમાં - કુટુંબમાં આર્થિક રીતે જરૂરિયાતવાળા કુટુંબોને તેમના ગૌરવને અસર ન પહોંચે તે રીતે મદદરૂપ થવા પ્રયત્ન કરીએ.

(૧૦) પોતાનું ઘર, કુટુંબ અને સમાજમાં નમ્રતાથી સેવા કરીએ. વડીલોને આદર આપીએ. માતા-પિતાના ગુણોને યાદ કરી વૃદ્ધાવસ્થામાં સ્વમાનભેર આનંદમાં રહે તેવું વર્તન કરીએ.

(૧૧) અંદરો-અંદરની ઈર્ષ્યા છોડી ખોટા અભિમાનમાં ન પડતાં સહુને સાથેરાખી સર્વેનો વિકાસ થાય તેવું વિચારીએ અને અનુસરીએ.

આવો, આપણે સહુ સાથે મળી ઉપરોક્ત અગીયાર સૂત્રી કાર્યક્રમ સમજીએ, અનુસરીએ અને સમાજને સૌથી ઊંચુ સ્થાન મળે તેવો પ્રયત્ન કરીએ.

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

નામ : અમિત અશ્વિનભાઈ પંડ્યા
જન્મ તારીખ : ૧૭-૦૬-૧૯૮૨
અભ્યાસ : બી.ઈ. આઈ.ટી.
વ્યવસાય : લેક્ચરર (ડીડી આઈટી કોલેજ, નડિયાદ)
માસિક આવક : રૂા. ૨૮,૦૦૦/-
ઊંચાઈ : ૫'.૬''
ગોત્ર : પારાશર
વતન : રાયગઢ
રહેઠાણ : નડિયાદ
સંપર્ક : અશ્વિનભાઈ પંડ્યા
૦૨૬૮-૨૫૨૨૭૫૯

નામ : સંદીપકુમાર ભાનુપ્રસાદ દીક્ષીત
જન્મ તારીખ : ૧૯-૭-૧૯૮૧
અભ્યાસ : બી.કોમ.
વ્યવસાય : સ્ટોક બ્રોકીંગ કંપની
માસિક આવક : રૂા. ૬,૫૦૦/-
ઊંચાઈ : ૫'.૯''
ગોત્ર : ગર્ગ વતન : હિરપુરા
રહેઠાણ : વિજાપુર
સંપર્ક : ભાનુપ્રસાદ દીક્ષિત
૦૨૭૬૩-૨૨૩૯૪૬

નામ : કપિલભાઈ આર. શર્મા
જન્મ તારીખ : ૧૯૭૭ (૩૩ વર્ષ)
અભ્યાસ : ૧૨ પાસ
વ્યવસાય : સ્વતંત્ર વ્યવસાય
માસિક આવક : રૂા. ૧૮,૦૦૦/-
ગોત્ર : ભારદ્વાજ
વતન : વિજાપુર
સંપર્ક : ૯૯૦૯૫ ૩૫૫૭૮

નામ : અલ્પેશકુમાર રાજેન્દ્રકુમાર જોષી
જન્મ તારીખ : ૧૩-૧૨-૧૯૮૬
અભ્યાસ : એમ.બી.એ.
ઊંચાઈ : ૫'.૭''
ગોત્ર : પારાશર
વતન : વિજાપુર
સંપર્ક : રાજેન્દ્રકુમાર દીક્ષિત
૦૨૭૬૩ - ૨૨૩૧૯૯

નામ : રશ્મિકાંત કૌશિકકુમાર જોષી
જન્મ તારીખ : ૧૬-૧૨-૧૯૭૯
અભ્યાસ : ધો. ૧૨
વ્યવસાય : નોકરી (વડોદરા)
ઊંચાઈ : ૫'.૬''
ગોત્ર : પારાશર
વતન : કુકરવાડા
રહેઠાણ : વડોદરા
સંપર્ક : કોકિલાબેન જોષી
૯૭૨૭૦ ૯૬૬૫૬

નામ : ધવલ નવિનચંદ્ર જોષી
જન્મ તારીખ : ૨૪-૪-૧૯૮૧
વ્યવસાય : તાતા કન્સલ્ટન્સી સર્વીસમાં નોકરી
માસિક આવક : રૂા. ૨૮,૦૦૦/-
ઊંચાઈ : ૫'.૪''
ગોત્ર : વચ્છસ
વતન : ઈડર
રહેઠાણ : મુંબઈ
સંપર્ક : નવિનચંદ્ર જોષી
૦૨૭૭૮ ૨૫૩૪૨૧
૯૯૭૮૭ ૫૨૮૭૬
૯૭૨૭૧ ૯૮૨૩૮

નામ : ધવલ રાજેન્દ્રકુમાર ગોર
જન્મ તારીખ : ૧૨-૮-૧૯૮૧
અભ્યાસ : બી.સી.એ.
વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂા. ૬,૦૦૦/-
ઊંચાઈ : ૪'.૧૧''
ગોત્ર : વચ્છસ
વતન : દાવડ
રહેઠાણ : અમદાવાદ
સંપર્ક : રાજેન્દ્રકુમાર ગોર
૦૭૯-૨૭૮૬૦૬૮૪
૯૪૨૯૧ ૩૪૧૮૯

**તારૂં કશું જ ન હોય તો છોડીને આવ તું,**
**તારૂં બધું જ હોય તો છોડી બતાવ તું.**
- રાજેશ વ્યાસ 'મિસ્કિન'

નામ : સત્યમ વાસુદેવભાઈ જોષી
જન્મ તારીખ : ૧૩-૧૦-૧૯૭૮
અભ્યાસ : એમ.એ.
વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂા. ૪,૦૦૦/-
ઊંચાઈ : ૫'.૩''
ગોત્ર : વચ્છસ
વતન : વિજાપુર
રહેઠાણ : અમદાવાદ
સંપર્ક : વાસુદેવભાઈ જોષી
૯૩૭૪૭ ૧૬૭૯૯

નામ : નિલેશકુમાર પી. પંડ્યા
જન્મ તારીખ : ૧૮-૩-૧૯૬૮
અભ્યાસ : બી.એસ.સી. (કેમેસ્ટ્રી)
વ્યવસાય : ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સમાં નોકરી
માસિક આવક : રૂા. ૧૨,૦૦૦/-
ઊંચાઈ : ૫'.૬''
ગોત્ર : પારાશર
રહેઠાણ : હિંમતનગર
સંપર્ક : ૨૭૭૨-૨૨૯૩૬૫


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**
**(AGENT)**

**NSC, KVP, MIS, R.D., SMALL SAVINGS SCHEME, LIC, UTI, PPF, COS. DEPOSITS, SRGE, ICICI MUTUTAL FUND, RBI RELIEF BONDS.**

: RESIDENCE :
PLOT NO. 152/2,
ANAND VATIKA SOCIETY, SECTOR-22,
GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**

# કુર્યાત સદા મંગલમ્

## વર જોઈએ છે

| | |
|---|---|
| નામ | : અંકિતા યોગેશભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૨૪-૦૮-૧૯૮૬ |
| અભ્યાસ | : બી.કોમ. |
| ગોત્ર | : પારાશર |
| ઊંચાઈ | : ૫'.૪'' |
| વતન | : રાયગઢ |
| સંપર્ક | : યોગેશભાઈ જોષી ૦૨૨-૨૮૯૧૦૭૪૬ ૯૩૨૨૨૮૫૫૮૮ |

| | |
|---|---|
| નામ | : રિધ્ધિ પ્રદ્યુમ્નકુમાર જોષી |
| જન્મ તારીખ | : ૧૫-૧૦-૧૯૮૩ |
| અભ્યાસ | : B.Sc. (Maths), CIC, DCAP, MCA (APP) |
| ઊંચાઈ | : ૫' ૨'' |
| ગોત્ર | : પારાશર |
| રહેઠાણ | : અમદાવાદ |
| સંપર્ક | : પ્રદ્યુમન આર. જોષી ૦૭૯ ૨૭૪૭૧૮૫૬ ૯૪૨૭૫ ૨૧૮૦૪ |

| | |
|---|---|
| નામ | : હિરલ કપિલભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૨૭-૭-૧૯૮૭ |
| અભ્યાસ | : એમ.એ. પાર્ટ-૨ |
| ગોત્ર | : પારાશર |
| ઊંચાઈ | : ૫'.૩'' |
| વતન | : રાયગઢ |
| સંપર્ક | : કપિલભાઈ જોષી ૦૨૬૫-૨૨૫૨૭૫૦ ૯૮૨૫૮ ૯૧૫૬૮ |

| | |
|---|---|
| નામ | : વિધિ જીતેન્દ્રભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૪-૧૨-૧૯૮૭ |
| અભ્યાસ | : બી.એસ.સી., બી.એડ. |
| ઊંચાઈ | : ૫'. |
| ગૌત્ર | : પારાશર |
| રહેઠાણ | : હિંમતનગર |
| સંપર્ક | : જીતેન્દ્રભાઈ જોષી ૯૮૭૯૬ ૮૨૫૯૩ |

| | |
|---|---|
| નામ | : ખુશ્બુ રોહિતભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૧૧-૧-૧૯૮૬ |
| અભ્યાસ | : એમ.એ. પાર્ટ-૧ (ચાલુ) |
| વ્યવસાય | : મેક્સ ન્યુયોર્ક લાઈફમાં એડવાઈઝર |
| ઊંચાઈ | : ૫'.૧'' |
| ગૌત્ર | : કૌશિક |
| વતન | : નારદીપુર |
| રહેઠાણ | : અમદાવાદ |
| સંપર્ક | : રોહિતભાઈ જોષી ૦૭૯-૨૭૫૭૦૧૫૪ ૯૬૬૨૨૧૭૯૨૫ |

| | |
|---|---|
| નામ | : પલક સુભાષચંદ્ર વ્યાસ |
| જન્મ તારીખ | : ૯-૩-૧૯૮૫ |
| અભ્યાસ | : PGDCA with Software Engineer, C++, Oracle, Bi |
| ગોત્ર | : ગર્ગ |
| વતન | : અમદાવાદ |
| રહેઠાણ | : અમદાવાદ |
| સંપર્ક | : સુભાષચંદ્ર ડી. વ્યાસ ૯૯૦૯૨ ૬૫૫૮૬ |

| | |
|---|---|
| નામ | : કેયા સુધીરભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૧૩-૦૬-૧૯૮૦ |
| અભ્યાસ | : બી.એસ.સી. (ફીઝીક્સ), ડિપ્લોમા ઈન વેબ ડીઝાઈનીંગ |
| ગોત્ર | : પારાશર |
| ઊંચાઈ | : ૫' |
| વતન | : નડિયાદ |
| સંપર્ક | : સુધીરભાઈ જોષી ૦૨૬૫-૨૭૯૨૯૬૬ ૯૪૨૮૬ ૯૦૨૨૭ |

| | |
|---|---|
| નામ | : કૃપા જીતેન્દ્રભાઈ જોષી |
| જન્મ તારીખ | : ૨૬-૬-૧૯૭૯ |
| ઊંચાઈ | : ૫' ૨'' |
| ગૌત્ર | : પારાશર |
| રહેઠાણ | : હિંમતનગર |
| સંપર્ક | : જીતેન્દ્રભાઈ જોષી ૯૮૭૯૬ ૮૨૫૯૩ |

| | |
|---|---|
| નામ | : સિધ્ધિ પ્રદ્યુમનકુમાર જોષી |
| જન્મ તારીખ | : ૧૫-૧૦-૧૯૮૩ |
| અભ્યાસ | : B.Sc. (Maths), CIC, DCAP, MCA (APP) |
| ઊંચાઈ | : ૫' ૪'' |
| ગોત્ર | : પારાશર |
| રહેઠાણ | : અમદાવાદ |
| સંપર્ક | : પ્રદ્યુમન આર. જોષી ૦૭૯ ૨૭૪૭૧૮૫૬ ૯૪૨૭૫ ૨૧૮૦૪ |

| | |
|---|---|
| નામ | : અમી એન. ઉપાધ્યાય |
| જન્મ તારીખ | : ૨૬-૨-૧૯૮૫ |
| અભ્યાસ | : ડીપ્લોમા આર્કિટેક એન્ડ ઈન્ટિરીયર ડીઝાઈનીંગ |
| વ્યવસાય | : નોકરી |
| ઊંચાઈ | : ૫'.૫'' |
| ગૌત્ર | : શાંડિલ્ય |
| વતન | : રાયગઢ |
| રહેઠાણ | : ઈસનપુર, અમદાવાદ |
| સંપર્ક | : દેવાંગીબેન ઉપાધ્યાય ૯૪૨૮૪ ૧૭૯૧૦ |

| | |
|---|---|
| નામ | : નેહા દિનેશચંદ્ર ભટ્ટ |
| જન્મ તારીખ | : ૧૯-૦૯-૧૯૮૫ |
| અભ્યાસ | : બી.ઈ. (ઈલેક્ટ્રીકલ) એમ.બી.એ. (અભ્યાસ ચાલુ) |
| વ્યવસાય | : ખાનગી કંપનીમાં ઈલેક્ટ્રીકલ ઈન્જીનીયર |
| ઊંચાઈ | : ૫'.૬'' |
| ગૌત્ર | : વચ્છસ |
| વતન | : રાયગઢ |
| રહેઠાણ | : ભોપાલ (મધ્યપ્રદેશ) |
| સંપર્ક | : દિનેશચંદ્ર ભટ્ટ ૦૭૫૫-૪૦૫૭૧૯૯ ૦૯૯ ૨૬૩૩૩૦૬૩ |

Owner, Printer, Publisher & Editor : Ashokkumar Krishnalal Mehta, Printed : Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhiangar. (GUJARAT)

# અખિલ હિંદ ભટ્ટ મેવાડા સંમેલન : વિહંગાવલોકન

સંકલન : શ્રી અશ્વિનકુમાર ભટ્ટ (હિંમતનગર)

અત્યાર સુધીમાં અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનાં પાંચ સંમેલનો યોજાયાં છે. આ પૈકિ પ્રથમ સંમેલન મુંબઈ ખાતે યોજાયું હતું અને આ સંમેલનના મીઠાં સંભારણા 'ભટ્ટ મેવાડા સ્નેહાંક'માં પ્રસિદ્ધ થયાં હતાં. આ સંમેલનના પ્રમુખપદે શ્રી મૂળશંકર નર્મદાશંકર પંડ્યા બિરાજમાન હતાં. શ્રી મૂળશંકર પંડ્યા તે સમયે ઈમ્પીરીયલ બેંક ઓફ ઇન્ડિયામાં (હાલની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા) હેડ કેશિયર હતાં. જયારે સંમેલનના સ્વાગત પ્રમુખ શ્રી કેશવલાલ રેવાશંકર ભટ્ટ હતા. શ્રી કેશવલાલ ભટ્ટ વ્યવસાયે એડવોકેટ હતા તથા ભેટાળીના વતની હતા.



શ્રી મૂળશંકર નર્મદાશંકર પંડ્યા



શ્રી કેશવલાલ રેવાશંકર ભટ્ટ

અખિલ ભારત ભટ્ટ મેવાડા દ્વિતીય સ્નેહ સંમેલન પણ મુંબઈ ખાતે જ યોજાયું હતું. આ દ્વિતીય સ્નેહ સંમેલનના પ્રમુખ પદે શ્રી રાવ સાહેબ મૂળશંકર કૃષ્ણારામ જોષી બિરાજમાન હતા. રાવ સાહેબ મૂળે હીરાપુરાના વતની હતા. અને કલ્યાણ/થાણેમાં રાઈલ મિલ ચલાવતા હતા. આ દ્વિતિય સંમેલનનું ઉપપ્રમુખ પદ શ્રી જેઠાલાલ ગણપતરામ જોષીએ શોભાવ્યું હતું. શ્રી જેઠાલાલ વિજાપુરના વતની હતાં. તેમજ તેઓ મુંબઈના પ્રતિષ્ઠિત ઓઈલ મરચન્ટ હતાં.



શ્રી રાવ સાહેબ
મૂળશંકર કૃષ્ણરામ જોષી



શ્રી જેઠાલાલ ગણપતરામ જોષી

તૃતિય અખિલ ભારત ભટ્ટ મેવાડા સંમેલન પણ મુંબઈમાં જ યોજાયું હતું. લગભગ ૧૯૪૩ની સાલમાં આ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં પ્રમુખ પદે શ્રી દુર્ગાશંકર સાંકળેશ્વર આચાર્ય બિરાજમાન હતાં જયારે સંમેલનના સ્વાગત પ્રમુખ શ્રી નાથાલાલ ગૌરીશંકર પંડિત રહ્યાં હતાં. શ્રી નાથાલાલ પંડિત વિજાપુરના રહેવાસી હતી તથા લોખંડના કબાટના ઉત્પાદક હતા.



શ્રી દુર્ગાશંકર સાંકળેશ્વર આચાર્ય



શ્રી નાથાલાલ ગૌરીશંકર પંડિત

અખિલ ભારત ભટ્ટ મેવાડા ચતુર્થ સંમેલન તા. ૨૨-૧-૧૯૫૦માં સુંદરબાઈ હોલ, ક્વીન્સ રોડ, મુંબઈ ખાતે યોજાયું હતું. આ સંમેલનના પ્રમુખપદે શ્રી

ચીમનલાલ માધવરામ ભટ્ટ બિરાજમાન હતા શ્રી ચીમનલાલ ભટ્ટ મૂળે ઈલોલના વતની હતા અને મુંબઈમાં આર.ચીમનલાલ એન્ડ કુા. અને ચંદુલાલ બ્રધર્સ નામની પેઢીઓમાં ભાગીદાર હતા. જ્યારે શ્રી જેઠાલાલ ગણપતરામ જોષી સંમેલનના સ્વાગત પ્રમુખ હતાં.


શ્રી ચીમનલાલ માધવલાલ ભટ્ટ


શ્રી જેઠાલાલ ગણપતરામ જોષી

અખિલ હિંદ ભટ્ટ મેવાડા પંચમ સંમેલન તા. ૨૪ તથા ૨૫ ઓક્ટોબર ૧૯૫૩ના દિવસોએ લૉ કોલેજ, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાયું હતું. આ સંમેલનનું પ્રમુખપદ વિજાપુરના શ્રી જટાશંકર વિઠ્ઠલદાસ ઝવેરીએ શોભાવ્યં હતું. જ્યારે સંમેલનના સ્વાગત પ્રમુખપદે મણિયારીના ડૉ. જયશંકર મૂળશંકર મહેતા બિરાજ્યા હતાં. શ્રી જયશંકરના નામથી જ્ઞાતિજનો સુપરિચિત છે. તેમનું બાળપણ તથા વિદ્યાર્થીકાળ નડિયાદ તથા અમદાવાદમાં વીત્યો હતો.


શ્રી જટાશંકર વિઠ્ઠલદાસ ઝવેરી


શ્રી જયશંકર મૂળશંકર મહેતા

મુંબઈમાં યોજાયેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સંમેલનોના અહેવાલો પ્રસિદ્ધ થતા તો હશે જ, પરંતુ તે અંગેની કોઈપણ માહિતી ઉપલબ્ધ નથી. આ સંમેલનો ઈ.સ. ૧૯૫૦ પહેલાં જ યોજાયાં હશે. ઈતિહાસ એકત્રિત કરવાની દ્રષ્ટિએ આ સંમેલનોને લગતી માહિતી ૬૦ વર્ષ કરતાં મોટી ઉંમરના વડિલોની યાદશક્તિનો ઉપયોગ કરી મુંબઈગરા ભટ્ટ મેવાડા જ્ઞાતિજનો મેળવી શકે. આ ઉપરાંત પ્રથમ ત્રણ પ્રમુખો સર્વ શ્રી મૂળશંકર નર્મદાશંકર પંડ્યા, રાવસાહેબ મૂળશંકર કૃષ્ણારામ અને દુર્ગાશંકર સાંકળેશ્વર આચાર્યના ઉત્તરાધિકારીઓ કે મુંબઈવાસી તેમનાં સગા-સંબંધીઓ પાસેથી ઉપલબ્ધ થઈ શકે.

આ કાર્ય ભગીરથ છે, પરંતુ આવનારી પેઢીની જાણકારી માટે અનિવાર્ય છે. મુંબઈગરા જ્ઞાતિજનો તથા સંમેલનોના પ્રમુખ, ઉપપ્રમુખ, સ્વાગત પ્રમુખના

With Best Compliments From
**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 241 3157 Fax : (0265) 241 7379
E-mail : mehtaprocon@yahoo.co.in

વારસદારો આ કાર્યમાં ઉત્સાહ દાખવે તેવી અપીલ છે.

વર્ષોથી મનોમન એક વિચાર આવે છે કે મુંબઈમાં ચાર અને અમદાવાદમાં એક એમ પાંચ સંમેલનો યોજાયાં અને જ્ઞાતિજનોએ ઉમળકાભેર માણ્યાં. છેલ્લું સંમેલન યોજાયું તે વાતને આજે ૫૬ વર્ષ વીતી ગયાં. આમ જૂઓ તો આપણી જ્ઞાતિ છુટી છવાઈ દિશામાં છે. સમગ્રપણે જ્ઞાતિજનોને મળવાનું થતું નથી.

મુંબઈ અને અમદાવાદના જ્ઞાતિ મંડળો તેમના પૂરતાં મર્યાદિત અવસ્થામાં છે. આ સંજોગોમાં ગાંધીનગર સ્થિત જ્ઞાતિ મંડળ વિચારી શકે કે છઠ્ઠા સંમેલનનું આયોજન એ કરે. આ ચેલેંજીંગ જોબ છે. પણ ગાંધીનગર ભટ્ટ મેવાડા બ્રાહ્મણ મંડળ ધારે તો આ કાર્ય સફળ બાવી શકે તેમ છે. ત્યાં સુવિધા છે, આયોજકો છે. ત્યાં ચો તરફનું મધ્યબિંદુ છે. એ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની મધ્યમાં છે. મુંબઈવાળાઓ ગાંધીનગર ખાતે આસાનીથી આવી શકે તેમ છે. રાજસ્થાનના ભટ્ટ મેવાડા બ્રાહ્મણોને પણ ગાંધીનગર આવવા જવાની દ્રષ્ટિએ અનુકુળ પડે. ગાંધીનગરમાં તમામ સુવિધાઓ ખાસ કરીને રહેવાની વ્યવસ્થા પ્રાપ્ત થઈ શકે તેમ છે. તેથી ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ છઠ્ઠા અખિલ હિંદ ભટ્ટ મેવાડા સંમેલનના યજમાન બને તો તે આવકારદાયક રહેશે.

# ભટ્ટમેવાડા સમાજ, ગાંધીનગર આહ્‌વાન ઝીલી લે છે.

હિંમતનગરના શ્રી અશ્વિનકુમાર ભટ્ટ દ્વારા છઠ્ઠું અખિલ હિંદ ભટ્ટ મેવાડા સંમેલન ગાંધીનગર ખાતે યોજવાના આપવામાં આવેલ આહવાનને ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગર પડકારરૂપે ઝીલી લે છે. સમાજના સૌ સભ્યો એક અવાજે આ ભગીરથ કાર્ય ઉપાડી લેવાનો સંકલ્પ કરી આ મહાસંમેલનને સફળતમ બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરે છે.

ડૉ. જ.મૂ. મહેતા ભટ્ટ મેવાડા છાત્રાલય દ્વારા પ્રકાશિત 'ભટ્ટ મેવાડા ઉત્કર્ષ'ના સપ્ટેમ્બર, ૨૦૦૯ના અંકમાં પણ આવો જ વિચાર રજૂ કરવામાં આવ્યો છે. આ વિચારને ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ આવકારે છે અને ષષ્ટમ સંમેલન ગાંધીનગર ખાતે ચાલુ વર્ષમાં યોજવાનો નિર્ધાર કરે છે.

## ફોટોગ્રાફ સાથે વૈવાહિક વિજ્ઞાપન

ભટ્ટ મેવાડા વર્તમાનમાં વૈવાહિક વિજ્ઞાપન વિભાગ 'कुर्यात सदा मंगलम्' દિવસે દિવસે વધુ લોકપ્રિય થતો જાય છે. કેટલાક જ્ઞાતિજનોની માગણી એવી છે કે સદર વિજ્ઞાપનમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના ફોટોગ્રાફ્સ પણ છાપવા. આ વાત ધ્યાને લઈ એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જે કોઈને પોતાના પરિચય સાથે ફોટોગ્રાફ પ્રસિદ્ધ કરવો હોય તેણે રૂા. ૨૦૦/- ફી ચૂકવવાના રહેશે. આથી ફોટોગ્રાફ સાથે પરિચય પ્રસિદ્ધ કરવા ઈચ્છનારે રૂા. ૨૦૦/- મોકલી આપવા.

### સ્વાસ્થ રક્ષાનો કાયમી અને સાચો ઉકેલ એટલે પ્રાકૃત્તિક ચિકિત્સા

તમે ખોટા પાત્રને પરણ્યા હો તો તરત તમને તેની ખબર પડી જાય છે; સાચા પાત્રને પરણ્યા હો તો જીવનભર ખબર જ નથી પડતી.


DHANANJAY JYOTISHALAY
HIMATNAGAR
॥ सर्वेत्र सुखिनः सन्तु ॥

## જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્ર માર્ગદર્શન

★ આપના જીવનને મુંઝવતા પ્રશ્નો અંગે હસ્તરેખા તથા જન્મકુંડલી પરથી સચોટ માર્ગદર્શન મેળવો.

★ જન્મકુંડલીના અશુભયોગો અંગે માર્ગદર્શન અને શાસ્ત્રોક્ત પૂજનવિધિ માટે મળો.

★ સચોટ જન્માક્ષર તથા લગ્નમેળાપક માટે મળો.

★ NRI મિત્રો માટે અમારી વેબસાઇટ દ્વારા વિશેષ સેવા આપવામાં આવે છે.

## ધનંજય જ્યોતિષાલય

**ધર્મેશભાઈ જે. જોષી**
Astrologer (M.S.Uni.), Palmist, Vastu Consultant
કાર્યાલય: દિગંબર જૈનવાડી સામે, ખેડતસીયા રોડ, મહાવીરનગર, હિંમતનગર. મોબાઇલ: ૯૯૭૮૨ ૧૫૬૦૦
Website: www.Jyotishonline.com

શુભેચ્છા સહ....

# મિલન સ્ટેશનરી માર્ટ

## નોટબુક, ફૂલ ચોપડા, પરીક્ષા નોટબુકના વહેપારી

સીટીમીલ કંપાઉન્ડ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ.

ફોન : ૨૫૪૬૫૨૦૧, ૨૫૪૬૭૫૮૫